"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE
an initiative for organ donation

રેફ નં. | તા: ૧૭/૧૧/૨૦૧૫
તંત્રી શ્રી. ______________________ | સુરત

જાત નીચેની પ્રેસ નોટઆપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## બ્રેનડેડ અમરતલાલ સોપારીવાલાના જન્મદિવસે તેમના પરીવારજનોએ અંગદાન નો નિર્ણય લઇ ખેડૂત પત્નીને નવજીવન બક્ષ્યુ.

નામ: અમરતલાલ છોટાલાલ સોપારીવાલા ઉ. વ. ૭૬ બ્લડ ગ્રુપ: AB+ (વ્યવસાય : RMDની ડિસ્ટ્રીબ્યુટરશીપ)

રહેવાસી : ૨૪, ધનશ્યામ સોસાયટી, ઋષભ ચાર રસ્તા, રાંદેર રોડ, સુરત

કૌટુંબિક વિગત : પત્નિ : ચંદનબેન અમરતલાલ સોપારીવાલા ઉ. વ. ૬૬

પુત્રો : ૧. વિજયભાઈ અમરતલાલ સોપારીવાલા ઉ.વ ૪૨

૨. સ્વ. જસ્મીનભાઈ અમરતલાલ સોપારીવાલા ઉ.વ ૪૪

પુત્રવધુ : જેનીશ જસ્મીન સોપારીવાલા ઉ. વ ૪૨

પુત્રી : ૧. હીનાબેન દિપકભાઈ બોધાવાલા ઉ.વ ૪૬

બનાવની વિગત:

શનીવાર તા. ૧૪ નવેમ્બર, ૨૦૧૫ના રોજ અમરતલાલ તેમના ધર્મપત્ની ચંદનબેન સાથે સ્કુટર પર શીતલ ટોકીઝ સર્કલના ચાર રસ્તા પાસેથી સાંજે ૫ કલાકે જઈ રહ્યા હતા ત્યારે એક અજાણ્યા ટુ-વ્હીલરે ટક્કર મારતા અમરતલાલ અને તેમના ધર્મપત્ની ચંદનબેન સ્કુટર પરથી પડી જતા માથામાં ગંભીર ઈજા થવાથી તેઓને BAPS પ્રમુખ સ્વામી હોસ્પીટલમાં સાંજે ૫:૩૦ કલાકે ડૉ. ધવલ પટેલ ની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા.

સી. ટી. સ્કેન કરાવતા અમરતલાલના મગજમાં લોહીનો ગઠ્ઠો હોવાનું માલુમ પડ્યું હતું. ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રાએ તા. ૧૫ નવેમ્બર, ૨૦૧૫ના રોજ મળસ્કે ૦૨:૩૦ કલાકે ક્રેન્યોટોમી કરી મગજમાંથી લોહીનો ગઠ્ઠો દુર કર્યો હતો. સોમવાર તા. ૧૬ નવેમ્બર, ૨૦૧૫ના રોજ ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રા અને ન્યુરોફીઝીશ્યન ડૉ. પરેશ ઝાંઝમેરાએ તેમને બ્રેનડેડ જાહેર કર્યા.

૨...

| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
|---|---|---|---|
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE
an initiative for organ donation



અમરતલાલના જમાઈશ્રી દિપકભાઈ બોધાવાળાએ ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો સંપર્ક કરી અમરતલાલના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

નિલેશ માંડલેવાલાએ હોસ્પીટલ પહોંચી અમરતલાલની દોહિત્રી ડૉ. તન્વીની સાથે રહી અમરતલાલના પુત્ર વિજયભાઈ, પુત્રી હીનાબેન, પૌત્ર અભીષેક અને સોપારીવાલા પરિવારના અન્ય સભ્યોને અંગદાન અંગેની માહિતી આપી, અંગદાનની પ્રક્રિયા સમજાવી, ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

અમરતલાલના પત્ની ચંદનબેન, પુત્ર વિજય, પુત્રી હીના, પૌત્ર અભીષેકે જણાવ્યું કે "અમારું સ્વજન બ્રેનડેડ થઇ ચુક્યું છે, અને તેમનું મૃત્યુ નિશ્ચિત છે. ત્યારે તેમની અંતિમક્રિયા કરી શરીર બળીને રાખ થઈ જાય તેના કરતા તેમના કિડની અને લિવર જેવા અંગોનું દાન કરીને કોઈ બીજી વ્યક્તિઓને નવજીવન મળતુ હોય તો અંગદાન માટે આપ આગળ વધો."

પરિવારજનો તરફથી અંગદાન અંગે સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ના ટ્રાન્સપ્લાન્ટ કૉ.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી અંગદાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. બીપીન પાલ અને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી બન્ને કિડની ટીનાબેન દિતાજી હાદુલા ઉ.વ. ૪૫ રહેવાસી અરવલ્લી, ગુજરાતમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવીછે જયારે લીવર રીસર્ચ માટે રાખવામાં આવ્યું છે.

આ કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડૉ બીપીન પાલ અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

ટીનાબેનના મામી શ્રીમતી ચંદ્રિકાબેન બરંડા એ જણાવ્યું કે "દાદા(અમરતલાલ) મૃત્યુ નથી પામ્યા, દાદા(અમરતલાલ) અમારી ભાણીમાં જીવિત જ છે. દાદાએ(અમરતલાલ) અમારી ભાણીને નવજીવન આપ્યું છે અને તે માટે તેમના સમગ્ર પરિવારના અમો જીવનભર ઋણી છે."

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં અમરતલાલના ધર્મપત્ની ચંદનબેન, પુત્રશ્રી વિજયભાઈ, પુત્રી હિનાબેન, પુત્રવધુ જેનીશ, પૌત્ર અભીષેક, જમાઈ દિપકભાઈ બોધાવાલા, દોહીત્રી ડૉ. તન્વી અને સમગ્ર સોપારીવાલા પરિવાર, ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રા, ન્યુરોફીઝીશ્યન ડૉ. પરેશ ઝાંઝમેરા, જનરલ સર્જન ડૉ. ધવલ પટેલ. BAPS પ્રમુખ સ્વામી હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ તથા ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, ટ્રસ્ટી શ્રી હેમંત દેસાઈ અને દિશાંત પંચાલનો સહકાર સાંપડયો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૧૨૯ કિડની, ૩૯ લીવર, ૩ પેન્ક્રીઆસ અને ૧૦૨ ચક્ષુઓનો દાન મેળવીને ૨૭૩ વ્યક્તિઓને નવજીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961